અપીલ અરજી નં.૬૯ તા.૭–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પિંકલ પી. ધીવાળા
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી
(અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પી. ધીવાળાની તા.૨૩–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ બાંધકામ અંગે એડ્રેસ તેમજ ફોટા દર્શાવવામાં આવેલ તે તમામ મિલ્કતના પ્લાન પાસ છે. મુદ્દા નં.૨ બાંધકામ રેશીડેન્ટ કે કોમર્શીયલ પ્લાન પાસ થયેલ છે? તેમા કેટલા દુકાન તથા ફલેટ ની પરવાનગી આપવામાં આવી છે? વિ. મુદ્દા નં.૧ થી ૧૭ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૭–૫–૧૧ ની **SMC/FAP/** નં.૬૯/૨૦૧૧–૧૨

શ્રી પિંકલ પી. ધીવાળાની તા.૨૩–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ બાંધકામ અંગે એડ્રેસ તેમજ ફોટા દર્શાવવામાં આવેલ તે તમામ મિલ્કતના પ્લાન પાસ છે. મુદ્દા નં.૨ બાંધકામ રેશીડેન્ટ કે કોમર્શીયલ પ્લાન પાસ થયેલ છે? તેમા કેટલા દુકાન તથા ફલેટ ની પરવાનગી આપવામાં આવી છે? વિ. મુદ્દા નં.૧ થી ૧૭ ની માહિતિ આપવા બાબતે મળેલ માહિતિ પૈકી મુદ્દા નં.૪,૬,૮ સિવાયના મુદ્દાની માહિતી મળેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૩ તા.૧૬–૫–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી , ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) , કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં માંગેલ માહિતિ ફોટોગ્રાફમાં કોઈ ક્રમ આપેલ નથી તેથી તે પૈકી ચોકકસ કઈ માહિતિ, તબદીલી જોતાં કયા જાહેર માહિતિ અધિકારી કક્ષાએથી મળી નથી તે વિગતવાર સ્પષ્ટ કરવા સાથે સેન્ટ્રલ ઝોનના જાહેર માહિતિ અધિકારીના પત્ર અનુસાર માહિતિની સ્પષ્ટતા માટે જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરેલ છે કે કેમ? તે પછી શું નારજગી છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૮૩ તા.૨૫–૫–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગેપત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૪૩૫ તા.૨૨–૩–૧૧ ના પત્રની નકલ, અઠવાઝોન તરફથી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસનેપત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૩૬૭ તા.૩–૩–૧૧ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, માહિતી મોકલ્યા અંગેના એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૩ તા.૬–૬–૧૧ થી પૂરક વિગતોમાં અઠવાઝોન તરફથી શહેર વિકાસને તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, નગર નિયોજક શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૫૩૦૬ તા.૨૨–૩–૧૧ થી સેન્ટ્રલઝોન તથા અઠવાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૫૩૧૨ તા.૨૨–૩–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. તેમજ અરજદાર તરફથી અપીલ તબકકે પાઠવેલ પત્ર સંદર્ભે કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૩–૨–૧૧ ની અરજીથી શહેરના જુદા જુદા વિસ્તાર મજુરા, સગરામપુરા, સૈયદપુરા ભટાર વિસ્તારના ફોટામાં નિર્દિષ્ટવાળી મિલ્કત અંગે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૩૬૭ તા.૩–૩–૧૧ થી ટાઉન પ્લાનર અને મધ્યસ્થ શહેર વિકાસને આંશિક માહિતી માટે તબદીલ કરવામાં આવેલ. ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૫૩૦૬ તા.૨૨–૩–૧૧ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન તથા અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૫૩૧૨ તા.૨૨–૩–૧૧ થી વોર્ડ નં.૨ ૧૩૩૧ અને કડીવાલા સ્કુલ વામન મોટર ગેરેજની મિલ્કત બાબતે મુદ્દા નં.૧ થી ૧૬ ની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ .નં.૧૪૩૫ તા. ૨૨–૩–૧૧ થી દીનબંધુ સોસા., ભટાર રોડ તરફથી અરજદારને લાગત મુદ્દાઓની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૩૩ તા.૨૯–૩–૧૧ થી મિલ્કતના વર્ણન અને ફોટોગ્રાફ અંગેની સ્પષ્ટતા માંગતો

પત્ર પાઠવવામાં આવેલ. નં.મુદ્દા નં. ૧ (૧) ઉમા મોટર્સની સામે હીરામોદીની શેરી સગરામપુરા, ગુજરાત સમાચાર પ્રેસની સામે, સુરત (૨) શ્યામ ચેમ્બર્સ આઈ.સી.આઈ.સી બેન્કની ઉપર સગરામપુરા, મેઈનરોડ સબ જેલની સામે, સુરત,(૩) આરટીઆઓની બાજુમાં કૃષિ મંગલની બાજુમાં અઠવાગેટ, મજુરા, મેઈનરોડ, સુરત (૪) શ્યામ ચેમ્બર્સની બાજુમાં આઈ.સી.આઈ.સી બેન્કની બાજુમાં સગરામપુરા મેઈનરોડ સબજેલની સામે, ટીપી નં.૬૬ , વોર્ડ નં.૨/૧૩૩૧ /અ/૧ /૮/૧ ટીડીઓ/૧૩૩૧/૮/૪ (૫) આરટીઓ સામે કૃષિ મંગલની સામે, ચાંસેલર એપાર્ટ. નીબાજુમાં અઠવાગેટ , મજુરા, મેઈનરોડ, સુરત. (૬) એસબીઆઈ વાળુ બિલ્ડીંગ કડીવાળા સ્કુલ પાસે વામન મોટર ગેરેજ પાસે, મજુરાગેટ, સુરત. (૭) શીતલ કોમ્પલેક્ષની બાજુની બિલ્ડીંગ, નરેશ અગુંવાલા એડવોકેટની બાજુની બિલ્ડીંગ, સૈયદપુરા માર્કેટની બાજુમાં, અસારાવાળા હોસ્પિટલ ની સામે, સૈયદપુરા, મેઈનરોડ, સુરત. (૮) દીનબંધુ સોસા., આર્શીવાદ કોમ્પ. ની પાછળ વર્ધમાન કોમ્પ. પાસે ભટાર રોડ, સુરત. સદરહુ સ્થળની વિગતના ફોટા દર્શાવવામાં આવેલ છે તે તમામ મિલ્કતની બાંધકામ અંગેની માહિતી. મુદ્દા નં.(૨) બાંધકામ પ્લાન પાસે થયેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મધ્યસ્થ શહેર વિકાસ ધ્વારા ફોટોગ્રાફમાં (૧) વોર્ડ નં.૨ નોંધ નં.૧૩૩૧/અ/૧/૮/૧ (૨) કડીવાલા સ્કુલ પાસેના વામન મોટર ગેરેજ પાસેના ફોટોગ્રાફમાં દર્શાવેલ મિલ્કતનો પ્લાન પાસ થયેલ છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સદર મિલ્કત અન્વયે બાંધકામ પ્લાન મંજુરી હેઠળ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૩) બાંધકામ રેસીડન્ટ કે કોમર્શીયલ પ્લાન પાસ થયેલ છે ? તેમાં કેટલી દકાત તથા ફલેટની પરવાનગી આપવામાં આવી છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોમર્શીયલ મંજુર થયેલ પ્લાનમાં ઉકત વિગતો દર્શાવેલ છે જેની નકલ રૂા.૬૪૦ ભર્યેથી મળી શકશે તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સદર મિલ્કત અન્વયે બાંધકામ અંગત રહેઠાણના હેતુસરનો પ્લાન રજૂ થયેલ છે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) બાંધકામનો પ્લાન કોના નામે પાસ થયેલ છે અને કયા અધિકારીએ અને કઈ તારીખે પાસ કરેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ મિલ્કત મંજુર થયેલ પ્લાનની માલીકી અને તારીખ વિગેરે વિગતો રજાચિઠ્ઠીમાં ઉપલબ્ધ છે જેની નકલ મેળવવા માટે મધ્યસ્થ શહેર વિકાસ કચેરીમાં રૂા.૪/– ભર્યેથી મળી શકશે તેવું જણાવેલ છે. (૫) બાંધકામવાળી જગ્યા, માલીકોના નામ અને એડ્રેસ જણાવશો? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી (૧) કાંતિલાલ ગીરધરલાલ પટેલ તથા અન્યો તમન્ના મહાદેવનગર પાસે, સગરામપુરા, સુરત (૨) વામનકુમાર પરસોત્તમદાસ ચૌહાણ તથા અન્યો ૨/૧૫૯ દેસાઈ સ્ટ્રીટ સગરામપુરા, સુરત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સદર મિલ્કત અન્વયે બાંધકામવાળી જગ્યાના માલીકનું નામ શ્રીમતી ગંગાબેન ચંદ્રકાંતભાઈ પાટીલ તથા સરનામું બં.નં.૪૪, દીનબંધુ કો.ઓ. સોસા., ભટાર રોડ, મજુરા, સુરત જણાવેલ છે. (૬) બાંધકામ કરનાર કોન્ટ્રાકટર અને આર્કીટેકટનું નામ અને એડ્રેસ જણાવવું? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી બાંધકામ કરનાર કોન્ટ્રાકટરનું નામ રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેમજ આર્કીટેકટનું નામ (૧) શ્રી સંજય જોશી, પહેલો માળ, એનીબેસન્ટ રોડ, સોની ફળીયા, સુરત. (૨) શ્રી જોબન દેસાઈ એન્ડ એસોસિએટસ, ભાદાણી ચેમ્બર્સપ બેંક ઓફ મહારાષ્ટ્રની સામે, ઘોડદોડ રોડ, સુરત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સદર મિલ્કત અન્વયે બાંધકામ કરનાર આર્કીટેકટનું નામ શ્રી સંજય જોશી, સરનામું પહેલો માળ એનીબેસન્ડ રોડ, સોની ફળીયા, સુરત. (૭) બાંધકામમાં ગેરકાયદેસર બાંધકામ કેટલું જણાવવું? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદરહુ બાંધકામ ગેરકાયદેસર બાંધકામ હોવાનું રેકર્ડ ઉપર નથી તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સદર મિલ્કત અન્વયે અઠવાઝોન ખાતે રેકર્ડ ઉપલબ્ધ નથી. (૮) બાંધકામ ગેરકાયદેસર છે? હોય તો તેને તોડી પાડવામાં શા માટે આવતું નથી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૬ ની હકીકતે માહિતી આપવાની થતી નથી. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સદર મિલ્કત અન્વયે અઠવાઝોન ખાતે રેકર્ડ ઉપલબ્ધ નથી. (૯) ગેરકાયદેસર બાંધકામ થયું છે તે વિસ્તારના જુની. ઈજનેરનું નામ અને એડ્રેસ આપવું? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૬ ની હકીકતે માહિતી આપવાની થતી નથી. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સદર મિલ્કત અન્વયે અઠવાઝોન ખાતે રેકર્ડ ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. (૧૦) બાંધકામ ગેરકાયદેસર હોય તો તે બાંધકામ કરાવવામાં કયા કયા અધિકારી સંડોવાયેલા છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૬ ની હકીકતે માહિતી આપવાની થતી નથી. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સદર મિલ્કત અન્વયે અઠવાઝોન ખાતે રેકર્ડ ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. (૧૧) બાંધકામમાં એલાઈમેન્ટની જગ્યા છોડી છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સદર મિલ્કત અન્વયે એલાઈમેન્ટની અસર થતી નથી તેવું જણાવેલ છે. (૧૨) બાંધકામમાં પાર્કીગની જગ્યા છોડી છે એનો માપ જણાવશો? હાલ પાર્કીગની જગ્યામાં બાંધકામ થયેલ છે કે નહી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી સદર મિલ્કત અન્વયે બાંધકામની પાર્કીગની જગ્યા બાબતે પ્લાન મંજુરી હેઠળ છે તેવું જણાવેલ છે. (૧૩) બાંધકામનો એરીયા જણાવશો? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧૧ થી ૧૩ ની આ વિગતો સદરહુ મિલ્કતના મંજુર થયેલ પ્લાનમાં ઉપલબ્ધ છે સદર પ્લાનની નકળ મેળવવા નકલ ફીના રૂા.૬૪૦/– મધ્યસ્થ કચેરી શહેર વિકાસમાં ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. (૧૪) સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે? તેવો રીપોર્ટ કરનાર અધિકારીના નામ અને હોદ્દા જણાવશો? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાંધકામ અંગે રીપોર્ટ કરનાર અધિકારી સંબધિત જુની. ઈજનેર શ્રી એસ.આર. પંચાલ આસી. ઈજનેર શ્રીમતી એ. એચ. કાપડીયા તથા જુની. ઈજનેર શ્રી જે.બી. કાવીવાલા છે તેવું જણાવેલ છે. (૧૫)બાંધકામ ચાલુ હતું તે દરમ્યાન વીઝીટ કરનાર અધિકારીનું નામ આપવુ

અને કેટલી વખત વીઝીટ કરવામાં આવી છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ચાલુ બાંધકામ દરમ્યાન વીઝીટ કરનાર અધિકારીનું નામ જુની. ઈજનેર એસ.આર. પંચાલ, આસી. ઈજનેર શ્રીમતી એ.એચ. કાપડીયા તથા જુની. ઈજનેર જે.બી. કાવીવાલા છે અને સાઈટ વીઝીટની વિગતો તબકકાવાર પ્રગતિના ફોર્મમાં નોંધવામાં આવે છે જેની નકલ મેળવવા નકલ ફી પેટે રૂ.૮/– ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. (૧૬) જો કોઈ બાંધકામ બંધ થયું હતું અને શા માટે બંધ કરવામાં આવેલ હતું ? એનું કારણ શું હતુ? શું એને નોટીસ આપવામાં આવી હતી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ બાબતે મધ્યસ્થ કચેરીએ કોઈ માહિતી નથી. તેમજ નોટીસ આપવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. (૧૭) બાંધકામ કેટલા સમયથી બંધ હતું હવે કામ ચાલુ થયુ છે તો શું પરવાનગી આપવામાં આવી છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ બાબતે મધ્યસ્થ શહેર વિકાસ ખાતે કોઈ માહિતી મળેલ નથી તેવું જણાવેલ છે.

આમ અરજદાર તરફથી ફોટો સાથે કુલ–૮ મિલ્કતોની માહિતી માંગવામાં આવેલ. જે પૈકી અઠવાઝોન તરફથી દીનબંધુ સોસા. તથા મધ્યસ્થ શહેર વિકાસ તરફથી વોર્ડ નં.ર /૧૩૩૧ તેમજ કડીવાલા સ્કુલ પાસેના વામન ઓટો ગેરેજ વાળી બે મિલ્કતોની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલ અરજીમાં ૩૦ દિવસમાં કોઈ નિર્ણય મળ્યો નથી તથા ૪,૬ અને ૮ નો જવાબ મળેલ છે જયારે બાકી અન્ય સવાલના જવાબ મળેલ નથી. તેવું જણાવી તા.૭–પ–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે જે અંગે અપીલ તબકકે અરજદારને પત્ર પાઠવી પૂરક વિગતોની માહિતી માંગવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી ફોટો ગ્રાફોના ક્રમ કે કયા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી મળેલ નથી તેમજ માહિતી અંગે લાગત જાહેર માહિતી અધિકારનો સંપર્ક કરેલ છે કે કેમ? તેની વિગતો સહ નારાજગી સ્પષ્ટ કરવા જણાવેલ. પરંતુ અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. અરજદાર અપીલમાં પણ સ્પષ્ટ રહેલ નથી. પરંતુ અરજદારને ૪,૬ અને ૮ ના જવાબ મળેલ છે જે અંગેની હકીકત જોતાં ૪,૬ અને ૮ એટલેકે અઠવાઝોન અને મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પૂરી પાડેલી હોવાથી તે મિલ્કતોની માહિતી મળ્યાનું અનુમાનિત કરી શકાય. જે બાબતે અરજદારને કોઈ તકરાર નથી. જયારે બાકીની પાંચ મિલ્કતોની માહિતી મળેલ નથી જે સેન્ટ્રલઝોનને સ્પર્શતી હોવાનું અનુમાનિત છે જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૯૩૩ તા.ર૯–૩–૧૧ થી ફોટો ગ્રાફ સ્પષ્ટ જણાતા નથી તથા મિલ્કતનું વર્ણનથી તથા ફોટોગ્રાફથી મિલ્કત બાબતે સ્પષ્ટતા થતી ન હોય વધુ સ્પષ્ટતા માટે તા. ૧–૪–૧૧ ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન સેન્ટ્રલઝોન, ભગવાન ચેમ્બર્સ, શહેર વિકાસ ખાતામાં રૂબરૂ સંપર્ક કરવા જણાવેલ. પરંતુ અરજદાર તરફથી તે બાબતે જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી મિલ્કતો બાબતે સ્પષ્ટતા કરવાની જગ્યાએ અપીલ અરજી કરવામાં આવેલ છે. જે કાયદાની ભાષામાં નિરર્થક અપીલ ગણાય. તેમ છતાં આરટીઆઈ કાયદાની ભાવના અને હાર્દને અનુલક્ષી અપીલ ધ્યાને લેવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.ર૩–૦ર–ર૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતીમાં ૮ મિલ્કતો પૈકી પાંચ મિલ્કતોની બાંધકામ બાબતેની માહિતી નહીં પૂરી પડાયેલ જે સેન્ટ્રલઝોના કાર્યક્ષેત્રને સ્પર્શતી હોય તે મિલ્કતોની ઓળખાણ બાબતે અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કતોના ઓળખાણ બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર મિલ્કત બાબતે દિન–૭ માં લાગત જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનનો સંપર્ક કરી સ્પષ્ટતા રજુ કરવા જણાવવામાં આવે છે. અરજદાર તરફથી મિલ્કત બાબતે સ્પષ્ટતા થયા બાદ આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–પ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી વસુલ લઈ માહિતી પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૬–ર૦૧૧

પ્રતિ,

(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી, ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ..જાણ તથા અમલ માટે .

(ર) શ્રી પિંકલ પી. ઘીવાળા,